# રાજ્યમાં કોરોનાના નવા ૧૫૬૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૧૬ લોકોનાં મૃત્યુ : છેલ્લા ત્રણ-ચાર દિવસથી અમદાવાદ શહેરમાં દરરોજ ૧૦ કરતા વધુ લોકોના મૃત્યુ : રિકવરી રેટ ૯૦.૯૩ ટકા

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં કોરોના વાયરસના કેસની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ઘણા દિવસથી સતત ૧૫૦૦ કરતા વધુ કેસ સામે આવી રહ્યાં છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૬૦ નવા કેસ નોંધાયા છે. તો રાજ્યમાં વધુ ૧૬ લોકોના કોરોનાને લીધા મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧૩૦૨ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૩ હજાર ૫૦૯ થઈ ગઈ છે. તો મૃત્યુઆંક ૩૯૨૨ પર પહોંચી ગયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૩૩૭ કેસ નોંધાયા છે. સુરત શહેરમાં ૨૩૧, વડોદરા શહેરમાં ૧૪૦, રાજકોટ શહેરમાં ૮૭, પાટણમાં ૬૪, સુરત ગ્રામ્ય ૫૮, રાજકોટ ગ્રામ્ય ૫૧, બનાસકાંઠા, ૪૧, મહેસાણા ૪૦, વડોદરા ગ્રામ્ય ૪૦, ગાંધીનગર ૩૬, ગાંધીનગર શહેર ૩૪, પંચમહાલ ૨૯, આણંદ ૨૮, ખેડા ૨૮, જામનગર શહેર ૨૭, મહીસાગર ૨૬, અમદાવાદ ગ્રામ્યમાં ૨૪ કેસ નોંધાયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૧૨ લોકોના મૃત્યુ થયા છે. તો સુરત શહેરમાં ૩ અને વડોદરામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. અમદાવાદમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી કુલ ૩૯૨૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં આજની તારીખે એક્ટિવ કેસની સંખ્યા ૧૪૫૨૯ છે, જેમાં ૯૨ દર્દીઓ વેન્ટિલેટર પર છે. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં અત્યાર સુધી ૧ લાખ૮૫ હજાર ૫૮ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૭૦ હજારથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે. આમ અત્યાર સુધી રાજ્યમાં ૭૫ લાખ ૫૧ હજાર ૬૦૯ કોરોના ટેસ્ટ થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૦.૯૩ ટકા છે. તો ગુજરાતમાં ૫ લાખ ૫ હજાર ૬૪૮ લોકો ક્વોરેન્ટાઈન છે.

### કોરોના ઈફેક્ટ

- ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના પુત્ર જીજ્ઞેશ પાટીલને કોરોના પોઝેટીવ આવતા હોમ આઈસોલેશન પર
- મુખ્યમંત્રી નિવાસસ્થાનમાં રસોઈયાને કોરોના પોઝીટીવ રીપોર્ટ આવતા ભારે દોડધામ : આરોગ્ય તંત્ર દ્વારા ક્યા શાકમાર્કેટ, કરિયાણા બજારમાંથી વાઈરસ સંક્રમિત થયો હશે તેનું કોન્ટેક્ટ ટ્રેસીંગ આરંભાયું
- ઝાયડસ કેડીલા ૧૦૦ મિલિયન ડોઝ વેક્સિન બનાવશે, ૨૦૨૧ના પહેલા છ મહિનામાં વેક્સિન ઉપલબ્ધ થશે.
- ઈતિહાસમાં પહેલી વખત માતૃગયા તીર્થ ક્ષેત્ર સિદ્ધપુરમાં તર્પણની વિધિ બંધ રખાઈ
- નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલે કઠવાડા સ્થિત ૧૦૮ એમ્બ્યુલન્સ સેન્ટરની મુલાકાત લીધી.

## બિહાર જેવા દ્રશ્યો અરવલ્લીમાં

અરવલ્લી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી કથળી રહી હોય તેમ અસામાજીક તત્ત્વોને ખાખીની કોઈ બીક જ રહી ના હોય તેમ સામાન્ય બાબતમાં પણ હુમલો કરી મારામારી પર ઉતરી આવતા હોવાના દ્રશ્યો સામાન્ય બન્યા છે.

ભિલોડા તાલુકાના ડોડીસરા ગામના અને પોલીસ પર હુમલો કરવા ટેવાયેલા નામચીન અને માથાભારે બુટલેગર સૂકો ડુંડ અને તેના સાગરીતોએ બે તાંત્રિકોને વિધી કરવાના બહાને સ્કોર્પિઓ અને સ્વીફ્ટ કારમાં અપહરણ કરી તેના ઘરે લઈ જઈ લોંખડની પાઈપ વડે બંને તાંત્રિકોને માર મારી સ્વીચબોર્ડમાંથી વાયર વડે વીજકરંટ આપતા અને સુકાની મોટી પત્નીએ બંને તાંત્રિકોને ઢોર માર મારતા એક તાંત્રિકનું



મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી. તાંત્રિકનું મોત નિપજતા બુટલેગર તેની પત્ની અને સાગરીતો ફરાર થઈ ગયા હતા. હત્યાની ઘટનાના પગલે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભિલોડા પોલીસ સહીત જીલ્લાની પોલીસ ભિલોડા અને ઘટનાસ્થળે ખડકી દીધી હતી. જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અલગ અલગ ટિમ બનાવી હત્યારા બુટલેગર સૂકો ડુંડ અને તેના સાગરીતોને ઝડપી પાડવા ઠેર ઠેર શોધખોળ હાથ ધરી છે. ભિલોડા પોલીસે મૃતકના પરિવારજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટ્યા હતા.

## સંક્રમણ રોકવા સરકાર પ્રતિબદ્ધ, લોકડાઉન શક્ય નથી : રૂપાણી

### કોરોનાની સાથે અફવાઓનું બજાર પણ ઊછળ્યું : કર્ફ્યુ અને લોકડાઉનની અફવાઓની સીધી અસર પ્રવાસી મજૂરો ઉપર પડતી હોઈ મુખ્યમંત્રીએ સંદર્ભે સ્પષ્ટતા કરી

અમદાવાદ, તા. ૨૬

રાજ્યમાં ફરી એકવાર કોરોના વાયરસમાં ઉછાળો આવ્યા બાદ ગુજરાતમાં જૂના એક દિવસમાં નોંધાતા પોઝિટિવ કેસનો રેકોર્ડ તૂટ્યો છે. પાછલા દિવસે ૧૫૦૦થી વધારે કેસ નોંધાયા છે. આવામાં રાજયના અમદાવાદ સહિત ચાર મહાનગરોમાં રાત્રિ કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે. રાજ્યમાં ફરી લોકડાઉન લાગશે તેવી અફવાઓને ફગાવવા છતાં ખોટી વાતો ફેલાતી હોવાની અસર લોકો અને પ્રવાસી મજૂરો પર પડતી હોવાનું અઠવાડિયાની શરુઆતમાં જોવા મળી છે. આવામાં રાજ્ય સરકારે ફરી એકવાર રાજ્યમાં લોકડાઉન આવવાનું નથી તેવી સ્પષ્ટતા કરી છે. મુખ્યમંત્રી વિજય રુપાણીએ લોકડાઉન ફરી આવવાની વાતને અફવા ગણાવીને લોકોના સ્વાસ્થ્યને મહત્વ આપવાની વાત કરવાની સાથે ઓછામાં ઓછું કોરોનાનું સંક્રમણ ફેલાય તે દિશામાં સરકાર પ્રયાસ કરી રહી હોવાનું જણાવ્યું છે.

મુખ્યમંત્રી વિજય રુપાણીએ જણાવ્યું છે કે, રાજયના ચાર મહાનગરોમાં જ રાતના ૯થી સવારના ૬ સુધી રાત્રિ કર્ફ્યૂ રહેશે. કોરોનાના સંક્રમણને રોકવા સરકાર કટિબદ્ધ છે. સરકારની ફરજ એ છે કે ઓછામાં ઓછું સક્રમણ થાય, અને જે લોકો કોરોનામાં સપડાય છે તેમને તરત જ સારામાં સારી સારવાર મળે અને જલદી સાજા થઈને પાછા ઘરે જાય. આ સરકારની જવાબદારી છે.

રુપાણીએ લોકો સરકારે જાહેર કરેલા નિયમોનું પાલન કરે તે જરુરી છે તેમ જણાવીને કહ્યું છે કે, ×રાજ્યમાં એવી કોઈ ખરાબ પરિસ્થિતિ નથી અને લોકોએ ગભરાવાની જરાય જરુર નથી. પરંતુ લોકો સાવચેત રહે અને માસ્ક જરુર પહેરે, સોશિયલ ડિસ્ટન્સ રાખે, ભીડમાં જવાનું ટાળે, ભીડ થાય તેવું કૃત્ય કોઈ કરે પણ નહીં. લોકડાઉન લાગુ થશે તેવી અફવાઓને ફગાવીને તેમણે કહ્યું છે કે, જે કોઈ અફવાઓ ચાલે છે તે ખોટી છે, કોઈ લોકડાઉન આવવાનું નથી. ફરીથી કર્ફ્યૂ આવશે તે પણ ખોટી વાત છે. તેમણે એ પણ ઉમેર્યું કે ×કોરોના વકરે તો સમય પ્રમાણે જે જરુરી હશે તે નિર્ણય કરીશું. લોકોની સલામતી પહેલી પ્રાથમિકતા છે. હાલ રસીનું પરીક્ષણ ચાલે છે, ત્રીજી ટ્રાયલ ચાલી રહી છે. ગુજરાતમાં ૧૦૦૦થી વધુ લોકો પર તેનું પરીક્ષણ થવાનું છે. કેન્દ્ર સરકાર સાથે મુખ્યમંત્રીઓની બેઠક થઈ હતી તેને ટાંકીને રુપાણીએ કહ્યું કે, એ દિવસ થયેલી ચર્ચા પરથી એવું લાગે છે કે (રસીકરણ માટે) ચાર તબક્કા બનશે. જેમાં પહેલા તબક્કામાં કોરોના વોરિયર્સ છે તેમને રસી આપવામાં આવશે, બીજા તબક્કામાં મ્યુનિસિપ કોર્પોરેશનનો સ્ટાફ, પોલીસ મહેલ સ્ટાફને રસી અપાશે. ત્રીજા તબક્કામાં ૫૦ વર્ષથી ઉપરના અને ચોથા તબક્કામાં ૫૦ વર્ષથી નીચેના લોકોને રસી અપાશે.

## શિહોરી હાઈવે ઉપર બે ટ્રક ટકરાતા આગ લાગી

કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતોની વણઝાર સર્જાઈ છે. ગઈકાલે સવારના સમયે શિહોરી-થરા રોડ પર માર્ગ અકસ્માતની વધુ



એક ઘટના બનવા પામી છે. હાઈવે પર મસમોટા ખાડાને કારણે બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ તરફ ટ્રકમાં આગ લાગતાં અફરાતફરીના માહોલ વચ્ચે લોકોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આ તરફ એક ટ્રક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ સાથે અન્ય એક ટ્રક રોડની સાઈડમાં ઉતરી જતાં મોટી દુર્ઘટના ટળી હતી.

બનાસકાંઠા જીલ્લાના શિહોરી-થરા હાઈવે પર માર્ગ અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે.

### કેવડિયા ખાતે ૮૦મી ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સમાં

## ભારતીય બંધારણ અંગેનું પ્રદર્શન બન્યું આકર્ષણનું કેન્દ્ર લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કર્યું ઉદ્‌ઘાટન

કેવડિયા, ૨૫

કેવડિયા ખાતે ૨૫-૨૬ નવેમ્બર, ૨૦૨૦ દરમિયાન આયોજિત ૮૦મી ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સના ભાગરૂપે, ભારત



સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના બ્યૂરો ઓફ આઉટરીચ કમ્યુનિકેશન દ્વારા સંસદીય સંગ્રહાલય અને પૂરાતત્વના સહયોગથી પરિષદના સ્થળ પર વિશેષ પ્રદર્શન ઉભું કરવામાં આવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન આજ રોજ લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ કર્યું હતું.

પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યા બાદ અધ્યક્ષ શ્રી ઓમ બિરલાએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને જણાવ્યું હતું કે આવા અદભૂત અને માહિતીપ્રદ પ્રદર્શનની મુલાકાત આજની યુવા પેઢીએ તેમજ દેશના દરેક નાગરિકે લેવી જોઈએ. આ પ્રદર્શનમાં ભારતમાં લોકશાહી મૂલ્યોનું સદીઓથી કેવી રીતે જતન કરવામાં આવ્યું છે તેની પ્રસ્તુતિ કરાઈ છે. દેશમાં ઋગવેદકાળથી કેવી રીતે જનપદ, મહાજનપદ, ગણ અને મહાગણ જેવા વિવિધ શાસન સ્વરૂપ થકી કેવી રીતે શાસનમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવતી હતી, તે અંગેની રસપ્રદ વિગતો પણ પ્રદર્શિત કરવામાં આવી છે. જે આજની યુવા પેઢીને જાણવા માટે તાતી જરૂર છે.

પ્રદર્શનની સંપૂર્ણ વિગત માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકારના પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (પીઆઈબી) - વેસ્ટર્ન રિઝનના ડાયરેક્ટર જનરલ શ્રી મનીષ દેસાઈ તથા ગુજરાત રિઝનના એડિશનલ ડાયરેક્ટર જનરલ ડૉ. ધીરજ કાકડિયાએ આપી હતી.

આ પ્રદર્શન ૧૬૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું મલ્ટી મીડિયા પ્રદર્શન છે, સ્લાઈડ શો તેમ જ પોસ્ટર્સ, બેનર્સ દ્વારા ભારતીય બંધારણના વિવિધ પાસાઓની માહિતી પ્રદર્શિત કરવામાં આવી છે. પ્રદર્શનમાં લગભગ દોઢસોથી વધુ સ્લાઈડ દ્વારા ભારતીય બંધારણના વિવિધ પાસાઓ રજૂ કરવામાં આવ્યા છે.

બંધારણ સભાના પ્રારુપ સમિતિના અધ્યક્ષ ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિએ, ૨૬ નવેમ્બર, ૨૦૧૫થી દેશમાં સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવે છે, તેને અનુલક્ષીને આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

## અહેમદ પટેલ પીરામણમાં સુપુર્દ-એ-ખાક

### ઈચ્છા મુજબ માતા-પિતાની કબરની બાજુમાં દફન : રાહુલે નેતાના પાર્થિવ દેહને કાંધ આપી : કમલનાથ, સુરજેવાલ સહિતના નેતાઓ દફનવીધિમાં હાજર રહ્યા

અંકલેશ્વર, તા. ૨૬

કોંગ્રેસના ચાણક્ય અને અજાતશત્રુ રાજનેતા અહેમદ પટેલની આજે તેમના વતન ઉપરાંત સ્થાનિકો પણ તેમના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. અંકલેશ્વર તાલુકા પીરામણ ગામમાં આવેલા પાર્થિવદેહને હોસ્પિટલમાંથી સીધા જ કબ્રસ્તાન લઈ જવામાં આવ્યો હતો. અંતિમ યાત્રામાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપરાંત ગામના રહ્યા હતા.

અહેમદ પટેલના ગામ પીરામણમાં તેમની અંતિમવિધિમાં કોંગ્રેસના કેટલાય વરિષ્ઠ નેતાઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અહેમદ પટેલનું બુધવારે વહેલી સવારે અવસાન થયું હતું.





પીરામણ ગામ ખાતે દફનવિધિ કરવામાં આવી છે. તેમની અંતિમ ઈચ્છા અનુસાર પીરામણ ગામમાં આવેલા કબ્રસ્તાનમાં માતા-પિતાની કબરની બાજુમાં જ તેમના પાર્થિવ દેહની દફનવિધિ કરવામાં આવી હતી. અહેમદ પટેલની દફનવિધિમાં રાહુલ ગાંધી અને કમલનાથ સહિતના કોંગ્રેસના નેતાઓ હાજર રહ્યા હતા. આ કબ્રસ્તાનમાં માતા-પિતાની કબરની બાજુમાં જ અહેમદ પટેલના પાર્થિવ દેહની દફનવિધિ કરવામાં આવી હતી. જ્યાં સુન્ની વ્હોરા મુસ્લિમ જમાતના કબ્રસ્તાનમાં અહેમદ પટેલની અંતિમ વિધિ કરવામાં આવી હતી. અને જનાજાની નમાઝ અદા કરીને દફનાવવામાં આવ્યા હતા.

અહેમદ પટેલના લોકો પણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ પણ અહેમદ પટેલના પાર્થિવ દેહને કાંધ આપી હતી. મળતી માહિતી પ્રમાણે છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથ અને કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલા પણ અહેમદ પટેલની અંતિમવિધિમાં હાજર તેમના ગામ પહોંચ્યા હતા. આ શોકના સમયમાં કોંગ્રેસમાં રાજકીય સલાહકાર તરીકે મહત્વની ફરજ બજાવનારા અહેમદ પટેલની અંતિમવિધિમાં રાહુલ ગાંધી પણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસના પરેશ ધાનાણી, રાજીવ સાતવ, મધુસુદર મિસ્ત્રી, અમિત ચાવડા, હાર્દિક પટેલ સહિતના નેતાઓ આ માહિતી ૭૧ વર્ષીય અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે આપી હતી. અહેમદ પટેલના અવસાનથી તેમના વતન ભરૂચ સ્થિત પીરામણ ગામમાં શોકનો માહોલ છે. કોંગ્રેસનાં ચાણક્ય અને ગાંધી પરિવારના નજીકના સાથી માનવામાં આવતા અહેમદ પટેલના અવસાનથી મોટો ફટકો પડ્યો છે.

### બેવડી ઋતુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે કે ઘઉંને ઠંડુ અને સુકુ હવામાન અનુકૂળ છે. ૧૫ નવેમ્બરની આસપાસ વાવેતર શરૂ કરી દેવુ જેથી વધુ ઠંડીનો સમયગાળો આ પાકને મળી રહે. સમયસર વાવણી કરવાથી ઘઉંના પાકમાં ૨૦ ટકા સુધીનો વધારો મેળવી શકાય છે. સમયસરની વાવણી માટે બે ચાસ વચ્ચે ૨૨.૫ સે.મી. અને મોડી વાવણી માટે બે ચાસ વચ્ચે ૧૮ સે.મી. અંતર રાખીને વાવણી કરવી. આ બુલેટીનમાં એમ પણ જણાવવામાં આવ્યુ છે કે સ્વયં સંચાલિત સીડ કળ ફર્ટિલાઈઝર્સ ડ્રીલથી વાવણી કરવાથી બીજનો બચાવ થાય છે. રાઈ-ચણા, ઘઉં, જીરૂ, રજકો, બટાટાના વાવેતરની ભલામણ કરવાની સાથે વાવણી માટેનું ટૂંકુ માર્ગદર્શન પણ આ બુલેટીનમાં આપવામાં આવ્યુ છે.

### ૬૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૭, ૧૪, ૨૦ માંથી પણ કેસ મળી આવ્યા છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે મનપા તંત્રએ લોકોને સતર્ક રહેવા સાથે વારંવાર હાથ ધોવા, માસ્ક પહેરવા અને ખાસ કરીને મોટી વયના લોકોને કામ સિવાય બહાર ન નીકળવા અપીલ કરી છે. જિલ્લામાં કોરોનાનું કોમ્યુનીટી ટ્રાન્સમિશન થઈ ચુક્યુ છે અને મૃત્યુદર પણ વધી રહ્યો છે પરંતુ તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યુ છે. એન્ટીજન ટેસ્ટમાં પણ શું થયુ તેના આંકડાઓ છુપાવવામાં આવી રહ્યા છે.

### વેક્સિન તૈયાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા ૧૧ મહીનાથી કોરોનાને માત કરવા માટે સમગ્ર દુનિયામાં વેકસિન માટે રીસર્ચ ચાલતુ હતુ. કોવિડ વેકિસન અંગે મળતી પ્રાથમિક માહીતી મુજબ કોવિડ -૧૯ને અનુલક્ષી હાલ સમગ્ર વિશ્વમાં ૩૦ થી પણ વધુ વેક્સિન પર સંશોધન ચાલી રહ્યુ છે. જેમાં કુલ પાંચ વેક્સિન આગળ છે. જયારે આ વેક્સિનને અનુલક્ષી હાલ ટ્રાયલની પ્રક્રીયા ચાલુ છે. વિશ્વમાં હાલ આગળની હરોળની વેકસિનની વાત કરીએ તો યુ એસ ની ફાઈઝર બાયો એન ટેક આર એન એ વેકિસન , મોર્ડના થેરાપેટીકમ તેમજ યુ કે ની કોવિ શિલ્ડ એસ્ટ્રોઝેનિકા ઓકસફોર્ડ યુનિવર્સિટી અને સિરમ ઈન્સ્ટીટયુટ એમ ત્રણેય સંલગ્ન થઈને કોવી શિલ્ડ પર કામ કરે છે. આ ઉપરાંત રશિયાની સ્પુટનિક વી પણ પાંચ વેકસિન પૈકી એક છે. આ બન્ને વાઈરસ વેકટર વેકિસન છે. જે ડો રેડ્ડી સાથે કોલોબ્રેશનમાં છે. જેનો ફેઈઝ ટુ અને થ્રી ટ્રાયલ શરૂ થશે. આ ઉપરાંત જોન્સન એન્ડ જોન્સની મર્ક પણ છે. જયારે ભારતની ભારત બાયોટેક હૈદ્રાબાદની કંપની છે. જેની કો વેક્સિનના પણ અસરકારક પરિણામ હોવાનુ ધ્યાને આવી રહ્યુ છે. સાર્સ કોવી ટુ ના સ્ટ્રેઈનમાંથી બનાવવામાં આવી છે.

પોલિયો, હિપેટાઈટીસ અને ઈન્ફલ્યુએન્ઝાની જેમ ઈન એકટીવેટેડ રસી છે. જેનાથી એન્ટીબોડી ડેવલપ થાય છે.અગાઉ ફેઈઝ ટુ ની મંજુરીના અંતે હાલ આ રસી ફેઈઝ -૩ ના ટ્રાયલમાં છે. આ વેકસિન ગઈકાલે સોલા હોસ્પિટલમાં પહોંચી છે. ટ્રાયલ માટેનુ ડિઝાઈન તૈયાર કરી અંદાજિત ૧ હજાર વ્યકિત પર અજમાવાશે. આ ઉપરાંત ઝાયડસની ઝાય કો ડી પણ ફેઈજ ટુ અને થ્રી માટે આગળ પહોંચી છે. પણ કોઈ ડેટા ઉપલબ્ધ થયો નથી. જો કે ફાઈઝર, એસ્ટ્રોઝેનિકા, મોર્ડના, સ્પુટનિક તેમજ ભારતની કો વેકસિન આ પાંચેય વેકસિનના અત્યાર સુધીના પરિણામો આશાસ્પદ અને અસરકારક છે. પરંતુ ફેઈઝ -૩ બાદ ડેટા ચિત્ર વધુ સ્પષ્ટ થશે. ભારત બાયોટેકની રસી પણ આગામી જાન્યુઆરીમાં આવી શકે છે. પંરતુ સામાન્ય નાગરિક સુધી પહોંચતા આઠ મહીનાનો સમય લાગી શકે તેમ છે.

### ઉગ્ર બન્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે. ખેડૂત રેલીને ધ્યાનમાં રાખીને દિલ્હી-એનસીઆરમાં મેટ્રો બપોરે ૨ વાગ્યા સુધી બંધ કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારના કિસાન કાયદા વિરુદ્ધ પંજાબ અને હરિયાણાથી મોટી સંખ્યામાં ખેડૂતો દિલ્હી આવી રહ્યા છે. આંદોલનકારી ખેડૂતોને દિલ્હીમાં ઘૂસતા રોકવા માટે પોલીસ આકાશ પાતાળ એક કરી રહી છે. આ માટે દિલ્હીની સરહદોને સીલ કરી દેવાઈ છે. કિસાન આંદોલનના કારણે દિલ્હીમાં મેટ્રો સેવા ઉપર પણ આંશિક અસર પડી છે. પાડોશી રાજ્યોથી આવનારા મેટ્રો રૂટ પર બપોરે ૨ વાગ્યા સુધી મેટ્રો સેવા બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન દિલ્હીના ૧૨ મેટ્રો સ્ટેશનથી લોકોના બહાર નીકળવા પર પ્રતિબંધ રહેશે. પંજાબ-હરિયાણાથી આવતા હજારો ખેડૂતોને દિલ્હીમાં ઘૂસતા રોકવા માટે સરહદ પર ભારે પોલીસ ફોર્સ તૈનાત કરાઈ છે. આ બધા વચ્ચે દિલ્હી તરફ માર્ચ કરી રહેલા આંદોલનકારી ખેડૂતો પર પોલીસે વોટર કેનનનો મારો કર્યો અને ભીડને તોડવાની કોશિશ કરવામાં આવી. દિલ્હી ચલોના નારા સાથે ખેડૂતોની માર્ચ જ્યારે બુધવારે કુરુક્ષેત્ર પહોંચી તો ખેડૂતોને રોકવા માટે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. ખેડૂતોના આંદોલન અને તેમને રોકવાને લઈને હરિયાણાના ગૃહમંત્રી અનિલ વીજે કહ્યુ કે સામાન્ય જનતાને તકલીફ ન થાય તે માટે સંપૂર્ણ તૈયારી કરી લેવાઈ છે. રેલવેએ અમૃતસરથી આવનારી રેલગાડીઓ કાં તો રદ કરી નાખી અથવા તો રૂટમાં ફેરફાર કર્યો છે. અમૃતસરથી આવનારી ૧૨ ટ્રેનોને રદ કરાઈ છે. જ્યારે અમૃતસરના રૂટ પર દોડતી ૯ ટ્રેનોના સમય અને સ્ટેશનોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ખેડૂતોના આંદોલનની અવધિ દરમિયાન પાડોશી શહેરોથી દિલ્હીની અંદર કોઈ મેટ્રો એન્ટ્રી નહીં કરે કે બહાર નહીં જાય.

### ટકરાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ધારણ કરી લીધું છે અને તે તમિલનાડુ તથા ચેન્નઈની વચ્ચે દરિયાકાંઠા તરફ પહોંચવાની નજીક છે. આઈએમડીએ કહ્યું કે, વાવાઝોડાનું કેન્દ્ર ૨૫ નવેમ્બર રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી ૨૬ નવેમ્બરની સવારે ૨:૩૦ વાગ્યા દરમિયાન પુડુચેરીની પાસેના કાંઠાને પાર કરી ગયું. પુડુચેરીના ઉત્તર પૂર્વ સેક્ટરમાં પવનો ફુંકાશે. હવામાન વિભાગે કહ્યું હતું કે આગામી ૩ કલાક દરમિયાન પવની ઝડપ ધીમે-ધીમે ઘટીને ૬૫-૭૫ કિમી પ્રતિ કલાક થઈ જશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ નિવાર વાવાઝોડું તમિલનાડુ અને પુડુચેરીના કાંઠે ટકરાવવાનું શરૂ કીર દીધું છે અને જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં એક લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવ્યા છે. નિવારના કારણે પવન સાથે તોફાની વરસાદ પડી રહ્યો છે. નિવાર વાવાઝોડાના કારણે ગુરુવાર સુધી રજા જાહેર કરવામાં આવી છે. ચેન્નઈ એરપોર્ટ અને મેટ્રો સેવાઓને પણ બંધ કરી દેવામાં આવી છે.

### યમરાજાના ધામા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અગ્નિસંસ્કાર ગાંધીનગર મુક્તિદામ ખાતે કરાયો છે. જેમાંથી ૮૧ દર્દીઓ ગાંધીનગર સિવિલમાં, ૬ દર્દીઓ આશ્કામાં, ૪ સ્વામીનારાયણમાં અને અન્ય આસપાસની ખાનગી હોસપિટલોમાં મૃત્યુ પામેલ કોરોનાગ્રસ્ત દર્દીઓના અંતિમ સંસ્કાર કરાયા હતા. જેનો સ્વીકાર ગાંધીનગરના મેયરે પણ ઈલેકટ્રોનિક ચેનલોના ઈન્ટરવ્યૂમાં કર્યો છે.

ગઈકાલે સાંજે એક સાથે ચાર મૃતદેહો એક જ શબવાહિનીમાં મોકલવાની ઘટનાને પગલે જાગેલી ચર્ચામાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલે ૧૦૭ મૃત્યુ થયાનો એકરાર કર્યો જ્યારે વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ ૧૧૮ મૃત્યુનો આક્ષેપ કર્યો છએ અને જણાવ્યુ છે કે એક જ શબવાહિનીમાં ચાર મૃતદેહો લઈ જવાની ઘટના પહેલી નથી અગાઉ ૧૭મી અને ૧૮મીએ થઈ હતી જેનો હુ સાક્ષી છુ. જેની ફરિયાદ ડે. કમિશનરને મે કરી છે. આ વિવાદના જવાબમાં મેયરે સંબંધિતો સામે પગલાં લેવાની ખાતરી પણ આપી હતી.

વિવાદ વિવાદના સ્થઆને છે પરંતુ ગાંધીનગરમાં કોરોના સંક્રમણ ગંભીર સ્થિતિએ પહોંચી રહ્યુ છે. સરકારના કે સ્થાનિક તંત્રના આંકડા જે હોય તે પરંતુ છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં પરિવારોના પરિવારો મોટી સંખ્યામાં કોરોનાથી સંક્રમિત થઈ રહ્યાં છે.